રજૂ તારીખ : ૨૫/૦૨/૨૦૨૬
દાખલ તારીખ : ૨૫/૦૨/૨૦૨૬
નિકાલ તારીખ : ૨૦/૦૩/૨૦૨૬

| | | | |
|---|---|---|---|
| અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૨૩ |

**ભાવનગરના મે. ત્રીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.**

ફોજદારી પરચુરણ અરજી નં.૩૮૭/૨૦૨૬

આંક : ૦૬

અરજદાર :- **શિવભદ્રસિંહ ઉર્ફે શિવુભા જયદેવસિંહ ગોહીલ,**
ઉ.વ.આ.૩૭, ધંધો-પ્રા.નોકરી,
રહે. સી-૩૩૫, કેસરીયા હનુમાન રોડ,
કાળીયાબીડ, ભાવનગર.

**- : વિરૂઘ્ધ : -**

સામાવાળા :- શ્રી સરકાર

**બાબત: વિદેશ જવા પાસપોર્ટ પરત મેળવવા બાબત.**

અરજદાર તરફે : વિ.વ.શ્રી ડી.એન.ઘટાડ.
સામાવાળા તરફે : વિ.એ.પી.પી.શ્રી વી.જી.માંડલીયા.

**:: જજમેન્ટ ::**

(૧) અરજદાર/આરોપીએ હાલની આ અરજી કરી જણાવેલ છે કે, પ.ફો.અ.નં.૭૭૩/૨૦૨૩ ના કામે કરવામાં આવેલ હુકમમાં જણાવેલ શરત નં.બી મુજબ અરજદારનો પાસપોર્ટ નં. X4788740 નાઝીરશ્રી, ચિફ કોર્ટ, ભાવનગર સમક્ષ જમા કરાવેલ છે તે વિદેશ જવા માટે પરત આપવા વિનંતી કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે નોંધાયેલ સદર ગુન્હાના કામે જામીન ઉપર મુકત થવા

માટે અરજદાર/આરોપીએ પ.ફો.અ.નં.૭૭૩/૨૦૨૩ થી જામીન અરજી કરતાં તે અરજી તળે નામ. સેશન્સ કોર્ટ ધ્વારા કરવામાં આવેલ હુકમમાં શરત નં.બી ના અનુસંધાને અરજદાર/આરોપીએ તેઓનો પાસપોર્ટ પાસપોર્ટ નં. X4788740 નાઝીરશ્રી, ચિફ કોર્ટ, ભાવનગર સમક્ષ જમા કરાવેલ છે. અરજદાર/આરોપી સામે સદર ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવતા તે ફોજદારી કેસ નં.૮૨૪૫/૨૦૨૩ થી નોંધવામાં આવેલ છે. તેમજ તેનો નિર્ણય થતા ઘણો લાં બો સમય વીતે તેમ છે. અરજદાર/આરોપીને ભાગીદારી પેઢીમાં રીસર્ચ કરવા માટે કુકેટ, મલેશીયા, થાઈલેન્ડ બીઝનેસ પર્પઝથી જવાનું હોય, તેમજ પાસપોર્ટ રીન્યુ પણ કરાવવાનો હોય, જેથી તેઓનો જમા કરાવેલ અસલ પાસપોર્ટ પરત કરવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૩) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામેનો કેસ પેન્ડીંગ છે. અરજદાર/આરોપીને હાજરીમાંથી કાયમી મુકિત આપવામાં આવેલ નથી. તેમજ મોટી રકમની ડીપોઝીટ કર્યેથી વિદેશ જવાની પરવાનગી આપવા તથા પાસપોર્ટ પરત કરવામાં આવે તો વાંધો નથી.

(૪) ઉપરોકત હકીકતે અરજદાર/આરોપી વિરુધ્ધ ફોજદારી કેસ હાલ ટ્રાયલ કોર્ટ સમક્ષ પેન્ડીંગ હોવાનું જણાય આવે છે. પરંતુ સાથે સાથે નજીકના ભવિષ્યમાં તે કેસ પુરો થાય તેવી શકયતા જણાતી ન હોય, અરજદાર/આરોપીએ તેમની અરજીમાં જણાવેલ કારણોસર તેઓ વિદેશ જવા માંગતા હોય, તેઓને જામીન ઉપર મુકત કરતી વખતે વિ. ત્રીજા એડી. સેશન્સ જજ સાહેબશ્રીએ પ.ફો.અ.નં.૭૭૩/૨૦૨૩ માં ફરમાવેલ શરતો ધ્યાને લેતાં તેમાં શરત નં.બી મુજબ અરજદાર/આરોપીએ પાસપોર્ટ જમા કરાવેલ છે. હાલ અરજદાર/આરોપી તા.૦૩/૦૪/૨૦૨૬ થી તા.૧૨/૦૪/૨૦૨૬ સુધી કુકૈત, થાઈલેન્ડ અને મલેશીયા ધંધાર્થે જવા માંગતા હોય, તેમજ પાસપોર્ટ રીન્યુ કરાવવા માંગતા હોય, જેથી તેઓનો પાસપોર્ટ વચગાળાની

કસ્ટડીમાં પરત આપવો ન્યાયી અને વાજબી જણાતુ હોય, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

(૧) અરજદાર/આરોપીની હાલની અરજી મંજુર કરવામાં આવે છે અને પ.ફો.અ.નં.૭૭૩/૨૦૨૩ ના કામે કરવામાં આવેલ હુકમમાં ફરમાવેલ શરત નં.બી મુજબ અરજદાર/આરોપીએ નાઝિરશ્રી, ચીફ જયુડી. મેજી. કોર્ટ, ભાવનગર ખાતે જમા કરાવેલ અસલ અરજદાર/આરોપીનો પાસપોર્ટ નં. X4788740 તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૧૨/૦૪/૨૦૨૬ સુધી નીચેની શરતોને આધિન અરજદાર/આરોપીને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરત :-**

(૧) અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટમાં રકમ રૂા.૧,૦૦,૦૦૦/-(અંકે રુપિયા એક લાખ પુરા) ડીમાન્ડ ડ્રાફ્ટથી ડીપોઝીટ પેટે જમા કરાવવા.

(૨) અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટમાં કેસ ચાલતા સમયે અરજદાર/આરોપીની ઓળખ અંગેની તકરાર લીધા સિવાય ટ્રાયલ આગળ ચલાવવાની રહેશે.

(૩) અરજદાર/આરોપીએ વિદેશમાં જયાં જયાં રોકાણ કરવાનું થાય અને રોકાણ ચોકકસ શેડયુલ અલગ સોગંદનામાથી રજુ કરવુ અને આ સમયગાળા દરમ્યાન કોઈ ગેરકાયદેસરની પ્રવૃત્તિમાં જોડાવું નહીં.

(૪) સંબંધીત કોર્ટના નાઝિરશ્રીએ અસલ પાસપોર્ટની એક ઝેરોક્ષ નકલ કરાવી તેઓના રેકર્ડમાં રાખવી.

(૫) આ કામના અરજદાર/આરોપીએ વિદેશથી પરત આવ્યા બાદ તા.૧૭/૦૪/૨૦૨૬ સુધીમાં અસલ પાસપોર્ટ નાઝિરશ્રી, ચીફ જયુડી. મેજી. કોર્ટ, ભાવનગર સમક્ષ અચુક પરત જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે અને તે જમા કરાવ્યાની જાણ અત્રેની કોર્ટ તથા ટ્રાયલ કોર્ટને કરવાની રહેશે.

(૬) અરજદાર/આરોપીએ ઉપરોકત સમય દરમ્યાન સદર પાસપોર્ટનો ડુપ્લીકેટ પાસપોર્ટ કઢાવવાનો પ્રયત્ન કરવો નહીં અને તેનો અન્ય કામમાં ઉપયોગ કે દુરુપયોગ કરવો કરાવવો નહીં અને તે બાબતની લેખિત બાંહેધરી અત્રેની કોર્ટ સમક્ષ આપવી.

(૭) અરજદાર/આરોપીએ પરત આવ્યેથી અસલ પાસપોર્ટ નાઝિરશ્રી, ચીફ જ્યુડી. મેજી. કોર્ટ, ભાવનગર સમક્ષ જમા કરાવ્યેથી તેઓએ જમા કરાવેલ ડીપોઝીટની રકમ નિયમ મુજબ પરત મેળવવા હકકદાર રહેશે.

(૮) ઉપરોકત તમામ શરતો પૈકી કોઈપણ શરતનો અરજદાર/આરોપી ભંગ કરશે તો તેઓએ જમા કરાવેલ રકમ આપો આપ સરકારશ્રીમાં દાખલ થશે.

(૨) સંબંધિત અદાલતને તથા પોલીસ સ્ટેશનને આ હુકમની યાદી સાથે જાણ કરવી.

આજ રોજ તારીખ ૨૦'મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તા.૨૦/૦૩/૨૦૨૬

**(હેતલ સુરેશચંદ્ર દવે)**
ત્રીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik